પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર.
તા.૦ /૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી,તમામ

વિષય:- ૫ સપ્ટેમ્બર - ૨૦૨૦ "શિક્ષક દિન" નું જીવંત પ્રસારણ નિહાળવા બાબત
સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૧૦/૦૮/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૦/૨૧૧૦-૨૨૫૫

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલ શિક્ષકોને સન્માનનીય રાજ્યપાલશ્રી તેમજ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક - ૨૦૨૦ આપવાનો સમારોહ તા.૦૫/૦૯/૨૦૨૦ ના રોજ નર્મદા હોલ,સ્વર્ણિમ સંકુલ-૧ , નવા સચિવાલય,ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ કલાકે યોજવાનો નક્કી થયેલ છે. જેથી બાયસેગ દ્વારા સદર સમારોહનું જીવંત પ્રસારણ તા.૦૫/૦૯/૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી કરવામાં આવશે.જે તમામ શાળાઓમાં નિહાળવાનું રહેશે.વધુમાં બપોરે ૨.૦૦ કલાકથી ૪.૦૦ કલાક દરમ્યાન નવી શિક્ષણ નિતી અંગેનું કરવામાં આવનાર પ્રસારણ પણ બાયસેગ ચેનલ તથા ટીમ ગુગલ દ્વારા નિહાળવાનું રહેશે.જે બી.આર.સી.,સી.આર.સી.,કેળવણી નિરીક્ષક તથા શિક્ષકોએ ખાસ નિહાળવાનું રહેશે. જેથી આ અંગેની તમામ આનુસંગિક સૂચના આપની કક્ષાએથી આપવા જણાવવામાં આવે છે.

(sd/-)
સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ તથા કાર્યવાહી સારૂ:-
ડાયરેક્ટર જનરલશ્રી, બાયસેગ, ૫-૦ સર્કલ, ગાંધીનગર

જાવક નં. મા-ડ/૨૦૨૦/ 8305

તા. ૦૨/૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ
મા.અને ઉ.મા. શાળાઓ તરફ
— જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
તારીખ - 2-9-20
8305
RMSA

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

તાત્કાલિક

ક્રમાંક:- પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૦/૨૬૪૩-૭૦૮
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧,ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર,
તા.૦૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી,તમામ.

વિષય:- ૫ સપ્ટેમ્બર - ૨૦૨૦ " શિક્ષક દિન" નું જીવંત પ્રસારણ નિહાળવા બાબત.
સંદર્ભ:- અત્રેની કચેરીનાં તા.૧૦/૦૮/૨૦૨૦ નાં પત્ર ક્રમાંક:-પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૦/૨૧૧૦-૨૨૫૫.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલ શિક્ષકોને સન્માનનીય રાજ્યપાલશ્રી તેમજ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક - ૨૦૨૦ આપવાનો સમારોહ તા.૦૫/૦૯/૨૦૨૦ નાં રોજ નર્મદા હોલ,સ્વર્ણિમ સંકુલ-૧ , નવા સચિવાલય,ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ કલાકે યોજવાનો નિર્ણય થયેલ છે. જેથી બાયસેગ દ્વારા સદર સમારોહનું જીવંત પ્રસારણ તા.૦૫/૦૯/૨૦૨૦ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકથી કરવામાં આવશે.જે તમામ શાળાઓમાં નિહાળવાનું રહેશે.વધુમાં બપોરે ૨.૦૦ કલાકથી ૪.૦૦ કલાક દરમ્યાન નવી શિક્ષણ નિતી અંગેનું કરવામાં આવનાર પ્રસારણ પણ બાયસેગ, ફેસબુક તથા ટીમ ગુગલ દ્વારા નિહાળવાનું રહેશે.જે બી.આર.સી.,સી.આર.સી.,કેળવણી નિરીક્ષક તથા શિક્ષકોએ ખાસ નિહાળવાનું રહેશે. જેથી આ અંગેની તમામ આનુસંગિક સૂચના આપની કક્ષાએથી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા.ગાંધીનગર.

નકલ રવાના જાણ તથા કાર્યવાહી સારૂ:-
- ડાયરેક્ટર જનરલશ્રી, બાયસેગ, ચ-૦ સર્કલ, ગાંધીનગર.



Scanned with CamScanner

ડૉ.એમ.આઇ.જોષી,
નિયામક

ક્રમાંકઃ- પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૦/ ૨૧૧૦ - ૨૨૫૫
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર,
તા.૧૦/૦૮/૨૦૨૦.

વિષયઃ- ૫ સપ્ટેમ્બર-૨૦૨૦ "શિક્ષક દિન" ના કાર્યક્રમ બાબતે.

સ્નેહીશ્રી,

આપ સુવિદિત છો કે દર વર્ષની ૫મી સપ્ટેમ્બર " શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૨૦ ના દિવસે " શિક્ષક દિન" નિમિત્તે કાર્યક્રમ કરવા અંગે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) ચાલુ વર્ષે COVID-19 પરિસ્થિતિને કારણે માન.મુખ્યમંત્રીશ્રીના મળેલ આદેશાનુસાર રાજ્યકક્ષાએ હાલ કાર્યક્રમ થઇ શકે તેમ ન હોઇ, રાજ્યકક્ષાના , જિલ્લાકક્ષાના અને તાલુકાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો સામાજીક અંતર જાળવી ,જીલ્લાકક્ષાએ કાર્યક્રમ સ્થળે ત્રીસથી વધારે નહિ તેટલા વ્યક્તિઓ હાજર રહે અને ત્યાંજ તેઓનું સન્માન કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

(૨) રાજ્યકક્ષાના એવોર્ડ માટે આપવાનાં થતાં પ્રમાણપત્ર, શાળા માટે બ્રાસપ્લેટ, શાલ , ખેસ તથા પારિતોષિકની રોકડ રકમનાં ડ્રાફ્ટસ અત્રેની કચેરી દ્વારા આપવામાં આવશે.જે તા.૦૧/૦૯/૨૦૨૦ નાં રોજ અત્રેની કચેરીએથી રૂબરૂ આવીને સંબંધિત જિલ્લાઓએ મેળવી લેવાનાં રહેશે.

(૩) જિલ્લા તથા તાલુકા કક્ષાનાં પારિતોષિક માટે અત્રેની કચેરી દ્વારા ગ્રાંટ ફાળવી આપવામાં આવશે.આ ગ્રાંટમાંથી પારિતોષિક કાર્યક્રમનાં ખર્ચની વ્યવસ્થા જીલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

(૪) રાજ્યકક્ષાએથી બાયસેગ મારફ્તે સન્માનનીય રાજ્યપાલશ્રી,માન.મુખ્યમંત્રીશ્રી,માન.શિક્ષણમંત્રીશ્રી તથા માન. રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી ઉપસ્થિત રહી,માર્ગદર્શન આપશે.જે તે જિલ્લાનાં કાર્યક્રમમાં રાજ્યની શાળાઓમાં બાયસેગ પ્રસારણ નિહાળી શકાય તેવી વ્યવસ્થા કરવા સૂચના આપવાની રહેશે.

(૫) શિક્ષક દિનનાં કાર્યક્રમ માટે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા ઓછામાં ઓછા સભ્યોએ ઉપસ્થિત રહી, સામાજીક અંતર જાળવી , કાર્યક્રમ સફળ બનાવવાનો રહેશે.

(૬) ચાલુ વર્ષે આ કાર્યક્રમ, બાયસેગના માધ્યમથી યોજવાની મંજુરી મળેલ હોઇ, કાર્યક્રમ અંગેની સૂચિત રૂપરેખા અંગે હવે પછી જાણ કરવામાં આવશે.

(૭) શિક્ષક દિનનાં કાર્યક્રમ કરવા સંબધે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા મળેલ માર્ગદર્શન મુજબ અને આપના જીલ્લાની ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક તથા આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈને આયોજન કરશો.

(૮) શિક્ષક દિનનાં કાર્યક્રમ દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિન નિમિતે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.

(૯) આ ફાળો એકત્ર કરવાનું કાર્ય તારીખ ૫ સપ્ટેમ્બર , શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

(૧૦) આ કાર્યક્રમ દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૧ | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી,સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતી |
| ૨ | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૪ | કોલેજો અને યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| ૫ | પી.ટી.સી કોલેજો | જીલ્લા શિક્ષણાધિકારી |

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોક્ત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પૂરું થાય તુરંત જ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

શિક્ષકદિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે:-
ખાતાનું નામ:સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર ,
બેંકનું નામ :- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા,મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર.
**ખાતા નં.10325061369**

૧૧. આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી તેની ખાસ કાળજી લેવી અને ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.

૧૨. જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી.

૧૩. ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૪. શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ,આ કચેરીને ડો એસ.પી.ચૌધરી,નાયબ નિયામકશ્રીના નામ જોગ તા.૨૫/૯/૨૦૨૦ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવી.

૧૫. તારીખ ૫ મી સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિન નિમિત્તે તાલુકા, જિલ્લા કક્ષા અને રાજ્યકક્ષાએ જે શિક્ષકોને પારિતોષિક આપવા માટે પસંદ કરવામાં આવે તે અંગેનાં કાર્યક્રમમાં ,વધુમાં વધુ ત્રીસ સભ્યોથી વધે નહિ તે રીતે હાથ ધરવા જણાવવામાં આવે છે.

નોંધ: કોઇપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીને મોકલવો નહિ.

આપનો સ્નેહાધિન,

(ડો.એમ.આઇ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા. ગાંધીનગર.



Scanned with CamScanner

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના જિલ્લાની આવેલ બિન સરકારી / સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી, તેઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવશો.

(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

(૪) જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીશ્રીઓ, સદર કચેરી.

<u>નકલ સવિનય જાણ સારૂ:-</u>

૧.અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ ,નવા સચિવાલય, ગાંધીનગર.



Scanned with CamScanner